# ખેતી નિયામકશ્રીની કચેરી
# કૃષિભવન, ગાંધીનગર.
# તાલીમ અને મુલાકાત શાખા
# પ્રકરણ-૧ પ્રસ્તાવના

- ભારત સરકારશ્રીએ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવેલ તે પ્રમાણે માહિતી અધિકાર અધિનીયમ, ૨૦૦૫ની રચના કરેલ છે જે મુજબ ભારતનો કોઇ પણ નાગરિક નિયત ફી ચૂકવી અથવા ગરીબી રેખાથી નીચે જીવતો હોય તો વિના મૂલ્યે સરકારશ્રી પાસેથી માહિતી માગી શકે છે.
- આપુસ્તિકા દ્વારા ખેતી ખાતાને લગતી માહિતી નાગરિકો મેળવી શકે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.
- આ પુસ્તિકા માહિતી મેળવવા ઇચ્છતા ભારતના કોઇપણ નાગરિકને ઉપયોગી નીવડશે.
- આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૭માં માહિતી પત્રકવાર અને અથવા મુદ્દાવાર આપવામાં આવેલ છે. સદરહુ માહિતી અધ્યતન કરવામાં આવી રહી છે.
- આ અંગે માહિતી આર.ટી.આઇ.એક્ટ ૨૦૦૫ની ગુજરાતી નકલમાં તેમજ આ અંગેના નિયમો દર્શાવવામાં આવેલ છે. તે મુજબ વ્યાખ્યાઓ ધ્યાને લેવાની રહેશે.
- આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ કઇ માહિતી માગી છે તેના આધારે કહી શકાશે. અરજી પત્રકની ફી રૂ.૨૦.૦૦ છે અને એક પાનાદીઠ માહિતીના રૂ.૨.૦૦ તેમજ સીડી અથવા ફ્લોપીમાં માહિતી માટે રૂ. ૫૦.૦૦ ફી પેટે ચૂકવવાના રહેશે. ગરીબી રેખાની નીચે જીવતા નાગરિકે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી પરંતુ પોતે ગરીબી રેખા હેઠળ જીવે છે તે અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

આદિજાતિ વિસ્તાર પેટા યોજના (TASP) હેઠળ અમલીત AGR-૩ યોજનાની માહિતી

❖ યોજનાનું નામ:-

આદિજાતી પેટા વિસ્તારમાં તથા આદિજાતી વિસ્તાર બહાર વસતા આદીવાસી ખેડુતોને વધુ ઉત્પાદન આપતી જાતોના પ્રમાણિત બિયારણો અને રાસાયણિક ખાતરો સહાયીત દરે પુરા પાડવાની યોજના.

❖ યોજનાનો હેતુ/ ઉદ્દેશો :-

અનુસૂચિત જનજાતિ (આદિજાતી) ના૯.૬૯ લાખ હેકટર જમીન ધરાવતા ૫.૦૪ લાખ ખેડૂતો આ કાર્યક્રમના લક્ષ્યાંક જુથમાં આવે છે. ગુજરાત રાજયમાં કુલ જમીન ધારકોના ૧૦.૩૨ ટકા જેટલાં આદિજાતિ ખેડુતો છે અને તેમના ધ્વારા થતી ખેતીનાં વિસ્તારનું પ્રમાણ રાજયનાં કુલ વાવેતર લાયક વિસ્તારનાં ૯.૭૮ ટકા જેટલું છે.આદિજાતી વિસ્તારમાં વસતા આદીજાતી વિસ્તાર પેટા યોજનાના તથા વિસ્તાર બહારના વસતા આદીવાસી ખેડુતો ખેતીના પાકોનું વધુ ઉત્પાદન મેળવી શકે અને આર્થિક રીતે સમૃધ્ધ થાય તે માટે સરકારશ્રી પ્રયત્નશીલ છે. ખેડુતો ખેતી માટે જરૂરી એવા પાક સંરક્ષણ સાધન સામગ્રી, તાડપત્રી, ક્ષેત્રિય નિદર્શન, સુક્ષ્મ તત્વો, ખુલ્લી પાઈપલાઈન, કૃષિ મેળા/પ્રદર્શન/ખેડૂત શિબિર, અન્ડર ગ્રાંઉન્ડ પાઈપલાઈન, દિવેલી ખોળ/લીંબોળી ખોળ/સેન્દ્રીય ખાતર, પંપસેટ વિગેરે સહાય ઘટકોથી પાક ઉત્પાદન વધુ મેળવી શકે તે માટે વૈજ્ઞાનિક ભલામણ મુજબની ખેતી સામગ્રીના ઉપયોગથી ખેડુતો વધુ પાક ઉત્પાદન મેળવે અને આર્થિક રીતે સમૃધ્ધ થાય તેવો યોજનાનો મુખ્ય હેતુ છે.તેમજ સદર યોજના હેઠળ આદીવાસી ખેડુતોનું ખેડુત ખાતેદાર અકસ્માત વીમા યોજનાનુ પ્રીમીયમ પણ ભરવામાં આવે છે.

# પ્રકરણ-૨ શાખાની વિગતો, કાર્યો અને ફરજો

# પરિશિષ્ટ-૧

# સામાન્ય શરતો અને બોલીઓ

એજીઆર-(૩) સહાયની યોજના :૨૦૧૯-૨૦ (પ્લાન) :

૧. આ યોજનાનો અમલ રાજયના અનુસચિત જનજાતીની વસ્તી ધરાવતા ડાંગ સિવાયના લાગુ પડતા જીલ્લાઓમાં કરવાનો રહેશે..

૨. આ યોજનાના નિયંત્રણ અધિકારી ખેતી નિયામકશ્રી, ગાંધીનગર રહેશે. આ યોજનાનાં અમલીકરણ બાબતમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ખેતી નિયામકશ્રીનો નિર્ણય આખરી રહેશે. આ યોજનાની કુલ નાણાંકીય જોગવાઇની મર્યાદામાં ખેતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર આંતરીક ઘટક ફેરફાર કરી શકશે.

૩. આ યોજનાનો અમલ  જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી/ તાલુકા અમલીકરણ અધિકારીશ્રી દ્વારા કરવાનો રહેશે.

૪. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ તાલુકાવાર- ઘટકવાર લક્ષ્યાંક ફાળવણી કરવાની રહેશે અને તાલુકા અમલીકરણ અધિકારીશ્રીએ એટસોર્સ તથા વ્યક્તિગત લાભાર્થી સિવાયનાં ઘટકોનાં કિસ્સામાં સંસ્થાવાર – ઘટકવાર કામગીરી સોંપવાની રહેશે.

૫. એટસોર્સ તથા વ્યક્તિગત લાભાર્થી ઘટકોનાં કિસ્સામાં તાલુકા કક્ષાએ ગુજરાત એગ્રોના અધિકૃત વિક્રેતા એટલે કે એગ્રો સર્વિસ સેન્ટર/એગ્રી બિઝનેશ સેન્ટર, ગુજરાત રાજ્ય બીજ નિગમનાં અધિકૃત વિક્રેતા/ જી.એ.ટી.એલના ડેપો /નર્મદા ખેડુત સહાય કેન્દ્ર/ખરીદ વેચાણ સંઘ/સહકારી સંસ્થા/એમ્પેનલમેન્ટમાં સમાવિષ્ટ ઉત્પાદકના અધિકૃત વિક્રેતા દ્વારા યોજનાકીય કામગીરી કરવાની રહેશે.

૬. અરજદાર ખાતેદાર ખેડૂતે પરિશિષ્ટ-૪માં સમાવિષ્ટ ઘટકો માટે ઓનલાઇન અરજી કરી નિયમ સમય મર્યાદામાં મંજુરી અર્થે સંબંધિત કચેરીમાં રજુ કરવાની રહેશે. અરજી મળેથી કચેરીએ સંબંધિત ગ્રામ સેવક પાસેથી સમાન હેતુ વાળા ઘટક માટે આ યોજના તથા સરકારશ્રીની અન્ય કોઇ યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનું પ્રમાણપત્ર/દાખલો મેળવી લેવાનો રહેશે.

૭. ચાલુ નાણાંકીય વર્ષમાં આ યોજના હેઠળનાં પરિશિષ્ટ-૨ નાં કોલમ-૫ માં દર્શાવેલ સમયમર્યાદાને ધ્યાને લઇ લક્ષ્યાંકની મર્યાદામાં લાભ લેવા માંગતાં તમામ ઘટકો માટે લાભ આપી શકાશે.

૮. પરિશિષ્ટ-૨ નાં કોલમ-૫ માં જણાવ્યાનુસાર વાર્ષિક સમયગાળા સિવાયનાં પ્રત્યેક ઘટક માટે તાલુકા અમલીકરણ અધિકારીએ ઘટક વાઇઝ ગામનું નામ, લાભાર્થીનું નામ, ખાતા નંબર, સહાયની રકમ, લાભ આપ્યાનું વર્ષ વિગેરે વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૯. આ યોજના હેઠળના ઘટકો માટે સહાયના ધોરણો આ સાથેના પરિશિષ્ટ -૨ મુજબ રહેશે.

૧૦. લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટે અરજીનો નમુનો આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ રહેશે અને તેના અમલ માટેની કાર્ય પધ્ધતિ આ સાથેના પરિશિષ્ટ-૪ મુજબ રહેશે. જ્યારે

એટસોર્સ સહાયવાળા ઘટકો માટે અમલીકરણની પધ્ધતિ પરિશિષ્ટ-૫ અને અરજીનો નમૂનો પરિશિષ્ટ-૫(અ) મુજબ રહેશે. એટસોર્સ/ વ્યક્તિગત લાભાર્થી સિવાયના ઘટકો માટે અમલીકરણની પધ્ધતિ પરિશિષ્ટ ૬ મુજબની રહેશે.

૧૧. આ યોજનાની ગ્રાન્ટ ખેતી નિયામકશ્રીએ સબંધિત નોડલ એજન્સીને ફાળવવાની રહેશે. સહાયના ચુકવણા માટેની નોડલ એજન્સી ગુજરાત રાજય બીજ પ્રમાણન એજન્સી-અમદાવાદ તથા મહેકમ ગ્રાંટ (પગાર ભથ્થા વિગેરે) માટે સંબંધિત કચેરી તેમજ ખાતેદાર ખેડુત અકસ્માત વીમા યોજનાના કિસ્સામાં નોડલ એજન્સી વીમા નિયામકશ્રી રહેશે અથવા રાજય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ નોડલ એજન્સીને ફાળવવાની રહેશે.

૧૨. સબંધિત નોડલ એજન્સીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામકશ્રી, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે. તેમજ સબસીડી સહીત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે.

૧૩. નોડલ એજન્સીએ ચૂકવવાપાત્ર સહાયની રકમ ECS (Electronic Clearance Service)/ RTGS (Real Time Gross Settlement) /એકાઉન્ટ પે ચેક/NEFT મારફતથી લાભાર્થી/સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.

૧૪ યોજનાનું સુચારૂ રૂપે આયોજન અને સમયબધ્ધ અમલીકરણ થાય તે માટે જિલ્લા કક્ષાએ સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ની અધ્યક્ષતામાં નીચે મુજબની કમિટી દ્વારા જુદા જુદા ઘટકોમાં આપવાની થતી ઇનપુટ સામગ્રી, તેની ઉપલબ્ધી અને યોજનાનો સમયસર અમલ થાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

જિલ્લા કક્ષાની કમીટી

| | | |
|---|---|---|
| ૧ | સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૩ | નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) | સભ્યશ્રી |
| ૪ | નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ) | સભ્યશ્રી |
| ૫ | કૃષિ યુનિવર્સિટીના જિલ્લાનાનોડલ કૃષિ વૈજ્ઞાનિકશ્રી | સભ્યશ્રી |
| ૬ | સંબંધિત જિલ્લામાં કાર્યરત નીચેની સંસ્થાઓમાંથી ઓછામાં ઓછા- ૨ પ્રિતિનિધિ - GSSC Ltd, GAIC Ltd, NSC, NAFED, GUJACOMASOL, GSFC, GNFC, IFFCO, KRIBHCO ,GGRC વિગેરે | સભ્યશ્રી |

જે તે જિલ્લાની સ્થાનિક પરીસ્થિતી/જરૂરિયાતને ધ્યાને રાખી અધ્યક્ષશ્રી જરૂરીયાત મુજબ વધારાના સભ્યોને આમંત્રિત કરી શકશે.

૧૫. ઉપરોક્ત કમીટી દ્વારા ક્ષેત્રિય નિદર્શનમાં આપવાની થતી ઇનપુટ સામગ્રી નક્કી કરવા તથા યોજનાના અન્ય ઘટકોના અમલીકરણના આયોજન અર્થે કમીટીની બેઠક ખરીફ સીઝન માટે જે તે વર્ષની ૧૫ મે પહેલા, રવિ સીઝન માટે ૧૫ સપ્ટેમ્બર પહેલા અને ઉનાળુ સીઝન માટે ૧૫ ડિસેમ્બર પહેલા ફરજીયાત બેઠક બોલાવી કરેલ કાર્યવાહીની જાણ ખેતી નિયામકશ્રીને અચુક કરવાની રહેશે.

૧૬.આ યોજનાના જે ઘટકોમાં વિતરણ કરવાની થતી ખેતસામગ્રી ખાતા દ્વારા એમપેનલમેન્ટ કરેલ હોય તેવા કિસ્સામાં એમ્પેનલમેન્ટમાં સમાવિષ્ટ ઉત્પાદક/ ઉત્પાદક ના અધિકૃત વિક્રેતા પાસેથી જ લાભાર્થી ખેડૂતે ખેત સામગ્રીની ખરીદી કરવાની રહેશે.

૧૭. આ યોજનાના કોઈ ઘટકનુ ખાતા દ્વારા એમપેનલમેન્ટ કરેલ ન હોય તેવા કિસ્સામાં જી.એ.આઈ.સી/ જી.એસ.એફ.સી/જી.એન.એફ.સી/ગુજરાત રાજ્ય બીજ નિગમ જેવી સરકારી સંસ્થાઓ અને ઈફકો/ક્રિભકો/ ગુજકોમાસોલ જેવી સહકારી સંસ્થાઓ તેમજ રાજયની કૃષિ યુનીવર્સીટીઓ/ નેશનલ સીડ્સ કોર્પોરેશન (એન.એસ.સી) જિલ્લા પંચાયત હસ્તકના બિયારણ વૃધ્ધિ કેંદ્રો દ્વારા ઉત્પાદિત સામગ્રીની ખરીદી અને વિતરણ કરી શકાશે.

૧૮. શરત નં. ૧૬ અને ૧૭ મુજબ જો કોઇ ખેતસામગ્રીની ખરીદી થઇ શકે તેમ ન હોય તેવા સંજોગોમાં શરત નં.- ૧૪ મુજબની કમીટીની બેઠક બોલાવીને સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ અને નિયમોનુસાર ખરીદી કરી વિતરક સંસ્થાઓ દ્વારા વિતરણ કરાવવાના રહેશે.

૧૯. આ યોજનાના કોઈ પણ ઘટક હેઠળ સબસીડાઈઝ્ડ રાસાયણિક ખાતરનું વિતરણ કરી શકાશે નહી.

૨૦. આ યોજનાના તમામ ઘટકોનું અમલીકરણ ખેતી નિયામકશ્રી/સરકારશ્રીની વખતો વખતની સુચનાઓ અનુસાર કરવાનું રહેશે.

## પરિશિષ્ટ-૨

સહાયના ધોરણો :

યોજના : એ.જી.આર-૩ , ૨૦૧૮-૧૯

| અ. નં | ઘટકનુંનામ | સહાયનુધોરણ | રિમાર્કસ | ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પાક સંરક્ષણ સાધન સામગ્રી | (અ)હાથથી ચાલતાં સાધન પર સાધનની કિંમતના ૭૫ % અથવા રૂ. ૧૨૦૦/- બે માંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ -૧ ની શરતોપ, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| | | (બ)પાવર/મશીનથી ચાલતા સાધન પર સાધનની કિંમતના ૭૫ % અથવા રૂા. ૪૫૦૦/- બે માંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | તાડપત્રી | તાડપત્રીની ખરીદ કિંમતના ૫૦% રૂા ૧૨૫૦/-બે માંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધું બે નંગ | પરિશિષ્ટ -૧ ની શરતો ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૩ વર્ષમાં એક વખત |
| ૩ | ક્ષેત્રિય નિદર્શન<br>(TASP & OTASP) | ૦.૪ હેકટરના નિદર્શન માટે રૂા. ૪૦૦૦/- ની મર્યાદામાં. ખાતા દીઠ એક નિદર્શન | પરિશિષ્ટ -૧ ની શરતો ૫, ૧૬ અને ૧૭, ૧૮ મુજબ તેમજ મુદ્દા નં.- ૧૪ થી કમીટી દ્વારા નિયત કરેલ ઇનપુટ સામગ્રી આપવાની રહેશે. | દર વર્ષે |
| ૪ | ગૌણ અને સુક્ષ્મતત્વો | સરકાર માન્ય ગ્રેડના ગૌણ અને સુક્ષ્મતત્વો માટે પ્રતિ હેક્ટર ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ ૭૫૦/-ની મર્યાદામાં બે માંથી જે ઓછુ હોય તે ખાતા દીઠ વધુમાં વધુ ૨ હેક્ટર માટે. | પરિશિષ્ટ -૧ ની શરતો ૫, ૧૬ ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૫ | ખુલ્લી પાઈપલાઈન | હેક્ટર દીઠ ખર્ચના ૭૫ % અથવા રૂા. ૬૭૫૦/- બે માંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ ૨ હેકટર માટે. રૂા. ૧૩૫૦૦/- નીમર્યાદામા.<br>(૧ હેક્ટર થી ઓછી જમીન હોય તેવા ખેડુતોને પણ એક હેક્ટર માટે સહાય આપવાની રહેશે) | પરિશિષ્ટ -૧ ની શરતો ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ લાભાર્થી ખેડુતે બીલમાં નીચે મુજબના સ્પેશીફીકેશન સ્પષ્ટ દર્શાવવાના રહેશે.<br>1. ૭૫મીમી/૯૦મીમી/૧૧૦ મીમી ડાયામીટરની ૩૪૦ ફુટ પાઈપ<br>2. ૭૫મીમી/૯૦મીમી/૧૧૦ મીમી ડાયામીટરના થડેડ કપ્લર નં-૧<br>3. એન્ડ પ્લગ નં-૧ | ૫ વર્ષમાં એક વખત |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | કૃષિમેળો/પ્રદર્શન/ ખેડૂત શિબિર | તાલુકા કક્ષાએ કૃષિ મેળો/પ્રદર્શન યોજવા માટે રૂા.૧,૦૦,૦૦૦/- ની મર્યાદામાં ખર્ચકરી શકાશે. ખેડૂત શીબીર ૧૦૦ ખેડૂત માટે રૂ. ૧૫૦૦૦/-ની મર્યાદામાં ખર્ચકરી શકાશે. | ખેડૂતોને સાહીત્ય, ચા, નાસ્તો, ભોજન, મુસાફરી ખર્ચ,પ્રદર્શન સ્ટોલના સમિયાણા, મંડપ, બેનર,ફોટોગ્રાફસ,સાઉન્ડ સીસ્ટમ,વીજળી,ફર્નીચરના ભાડા,વિ. બાબતોમાં ખર્ચ કરી શકાશે. | |
| ૭ | અન્ડરપાઇપ લાઈન (TASP & OTASP) | અંડર ગ્રાઉન્ડ પાઇપલાઇન – (પી.વી.સી.)<br>(અ) (૧૪૦ મીમી.x૧૫૦ મી.)- ખરીદ કિંમતનાં ૭૫% અથવારૂ. ૧૦૭૦૦/- બે માંથી જે ઓછુહોય તે<br>(બ) (૧૧૦ મીમી.x૧૫૦ મી.)- ખરીદ કિંમતનાં ૭૫% અથવારૂ. ૧૦૭૦૦/- બે માંથી જે ઓછુહોય તે<br>(ક) (૯૦ મીમી.x૧૫૦ મી.)- ખરીદ કિંમતનાં ૭૫% અથવા રૂ.૮૪૫૦/- બે માંથી જે ઓછુ હોય તે<br>(ડ) (૧૪૦ મીમી.x૨૦૦ મી ખરીદ કિંમતનાં ૭૫% અથવારૂ. ૧૦૭૦૦/- બે માંથી જે ઓછુહોય તે<br>(ઇ) (૧૧૦ મીમી.x૨૦૦ મી.)- ખરીદ કિંમતનાં ૭૫%અથવા રૂ. ૧૪૨૫૦/- બે માંથી જે ઓછુ હોય તે<br>(એફ) (૯૦ મીમી.x૨૦૦ મી.)- ખરીદ કિંમતનાં૭૫% અથવા રૂ. ૧૧૨૫૦/- બે માંથી જે ઓછુ હોય તે | પરિશિષ્ટ -૧ ની શરતો ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| ૮ | પંપસેટ (TASP & OTASP) | | | ૫ વર્ષમાં એક |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | વખત |
| (૧) | ઓઇલએન્જીન | | | |
| | ૩.૦-૩.૫ હો.પા. | ખરીદ કિંમતના ૭૫ %અથવા રૂા.૮,૭૦૦/- બેમાંથી જે ઓછું હોય તે. | પરિશિષ્ટ -૧ ની શરતો ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| | ૫.૦ હો.પા. | ખરીદ કિંમતના ૭૫ %અથવા રૂા.૧૨,૦૦૦/-બે માંથી જે ઓછું હોય તે. | | |
| | ૭.૫-૮.૦ હો.પા. | ખરીદ કિંમતના ૭૫ %અથવા રૂા.૧૩,૫૦૦/-બે માંથી જે ઓછું હોય તે. | | |
| | ૧૦.૦ હો.પા. | ખરીદ કિંમતના ૭૫ %અથવા રૂા.૧૩,૮૭૫/-બે માંથી જે ઓછું હોય તે. | | |
| (૨) | ઇલે.મોટર /પંપસેટ | | | ૫ વર્ષમાં એક વખત |
| | ૧.૦ થી ૩.૦ હો.પા. | ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ. ૮,૬૦૦/- બેમાંથી જે ઓછુ હોય તે. | પરિશિષ્ટ -૧ ની શરતો ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| | ૫.૦ હો.પા. | ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ. ૯,૭૫૦/- બેમાંથી જે ઓછુ હોય તે. | | |
| | ૭.૫ હો.પા. | ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ.૧૨,૯૦૦/-બેમાંથી જે ઓછુ હોય તે. | | |
| (૩) | સબમર્સીબલપંપસેટ | | | ૫ વર્ષમાં એક વખત |
| | ૩.૦ હો.પા. | ખરીદ કિંમતના ૭૫ %અથવા રૂા.૧૫,૭૫૦/-બે માંથી જે ઓછું હોય તે. | પરિશિષ્ટ -૧ ની શરતો ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| | ૫.૦ હો.પા. | ખરીદ કિંમતના ૭૫ %અથવા રૂા.૨૨,૩૫૦/-બે માંથી જે ઓછું | | |

| | | | | |
|---|---|---|---|---|
| | | હોય તે. | | |
| | ૭.૫ હો.પા. | ખરીદ કિંમતના ૭૫ %અથવા રૂા.૨૭,૯૭૫/-બે માંથી જે ઓછું હોય તે. | | |
| | ૧૦.૦ હો.પા. | ખરીદ કિંમતના ૭૫ %અથવા રૂા.૩૩,૫૨૫/-બે માંથી જે ઓછું હોય તે. | | |
| ૯ | દિવેલી ખોળ/ લીંબોળી ખોળ /સેન્દ્રીય ખાતર | સરકાર માન્ય ગ્રેડના દિવેલી ખોળ/ લીંબોળી ખોળ /સેન્દ્રીય ખાતર માટે હેક્ટર દીઠ ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ. ૩૦૦૦ બે માંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેકટર માટે. | પરિશિષ્ટ -૧ ની શરતો ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ FCO માન્ય SCHEDULE-IV અને V મુજબના ખાતરો આપી શકાશે<br>સ્વચ્છ ભારત મીશન અંતર્ગત સીટી કંપોસ્ટને પ્રાધાન્ય આપવાનુ રહેશે. | દર વર્ષે |
| ૧૦ | અનુસચિત જનજાતીના ખેડુતો માટે ખાતેદાર ખેડુત અકસ્માત વિમા યોજના | રાજ્યના તમામ અનુસચિત જન જાતીના ખેડુતો માટે ખાતેદાર ખેડુત અકસ્માત વિમા યોજનાના વિમા પ્રીમીયમ પેટે | | |
| ૧૧ | મહેકમ | સંબંધિત કચેરીઓ માટે | | |

પરિશિષ્ટ-૩

ભાગ-૧ (અરજીનો નમુનો)

અરજદારનું નામઃ-

ગામઃ-

તારીખઃ-

પ્રતિ,
તાલુકા અમલીકરણ અધિકારી,
તાલુકા પંચાયત,________________, જિલ્લો-____________

વિષયઃ- સહાય યોજનામાં ________________ (ઘટકનું નામ) મેળવવા મંજુરી આપવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી ________________ ગામઃ____________તાલુકો-__________ જિલ્લો-____________નો રહેવાસી અનુ. જન જનજાતિ/ સીમાંત/નાનો/મોટો, સ્ત્રી/પુરૂષ ખેડૂત છું. હું ખાતા નંબર________________ થી હે. ________________આર________________જમીન ધરાવું છું અને મારો બારકોડેડ રેશન કાર્ડ નં. ________________ છે. તેમજ ___________________બેંકની ................. શાખામાં ખાતા નંબર ________________ ધરાવું છું જે મારા આધાર નંબરઃ........................................ સાથે આધાર સીડેડ છે. મારો મોબાઇલ નંઃ........................................ છે. મે સમાન હેતુના ઘટક માટે આ યોજના કે સરકારશ્રીની કોઇપણ અન્ય યોજના હેઠળ અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય લીધેલ નથી તે અંગેની હું ખાત્રી આપુ છું. તો ઉપરોકત વિગતવાળા ઘટકની ખરીદી કરવાની મંજુરી આપવા નમ્ર વિનંતિ છે

ખેડૂતની સહી/અંગુઠો ________________

સામેલઃ

(૧) અનુ. જન જાતિનું પ્રમાણપત્ર

(૨) ૮-અ ની નકલ

(૩) બેન્ક પાસબુકની નકલઅને રદ કરેલ ચેક

(૪) આધારકાર્ડની નકલ

ભાગ-૨ (ગ્રામસેવકનું પ્રમાણપત્ર)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ______________________________________________________

ગામઃ_____________તાલુકો-__________ જિલ્લો-____________ના સિમાંત/નાનો/મોટો, સ્ત્રી/પુરૂષ ખેડૂત ખાતેદાર છે તેમના ખાતા નંબરથી_____________ હે. આર. જમીન ધરાવે છે. તેઓ એજીઆર-૩ યોજનામાં સહાય મેળવવા_____________ ઘટક માટે પાત્રતા ધરાવે છે/ધરાવતા નથી

સ્થળઃ-

તાઃ / /

ગ્રામસેવક

સેજોઃ- ________ તાલુકો__________જિ. _______

ભાગ-૩ (મંજુરી નો હુકમ )(ઓફીસ કોપી)

આથી શ્રી ___________________________________ગામઃ_____________તાલુકો-__________ જિલ્લો-____________ ની એજીઆર-૩ યોજનામાં ________ ઘટક સહાયથી ખરીદવાની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુસાર યોજનાકીય સહાય ________________ઘટક માટે મંજુર/નામંજુર કરવા હુકમ કરવામાં આવે છે. આગળની કાર્યવાહી સામેલ માર્ગદર્શિકા મુજબ કરવાની રહેશે.

સ્થળઃ-

તાઃ / /

સક્ષમ અધિકારી

વિસ્તરણ અધિકારી/ એટીવીટી અધિકારી/જિખેઅ

તાલુકો__________જિ. _______

ભાગ-૪ (મળેલ ઇનપુટ/સાધનની વિગત)

| ઇનપુટની વિગત | જથ્થો | બીલ નંબર અને તારીખ | સામગ્રી જ્યાંથી મેળવેલ છે તે સંસ્થાની વિગત |
|---|---|---|---|
| | | | |
| | | | |

રૂબરૂ

વિસ્તરણ અધિકારી/ગ્રામસેવક,____________સેજો

તાલુકો-_____________જિલ્લો-____________ ખેડૂતનીસહી/અંગુઠો

ભાગ-૫ (યોજના હેઠળની સહાયની રકમ ચુકવવા માટેનો આદેશ/હુંકમ)

આથી આદેશ કરવામાં આવે છે કે શ્રી ____________________________________ગામઃ_____________તાલુકો-__________ જિલ્લો-____________ એજીઆર-૩ યોજનામાં ________ ઘટક સહાયથી ખરીદવાની માગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુસાર યોજનાકીય સહાય રૂ. __________ અંકે રૂપીયા ____________________મંજુર કરવામાં આવે છે. આ રકમ લાભાર્થીના.................................................. બેન્કમાં એકાઉન્ટ નંબર........................................... માં જમા કરાવવાની રહેશે.

સ્થળઃ-

તાઃ / /

તાલુકા અમલીકરણ અધિકારી/જિખેઅ

તાલુકો__________જિ. _______

પરિશિષ્ટ-૪

એજીઆર- ૩ યોજનાની અમલીકરણ પધ્ધતિ

(અ) વ્યકિતગત લાભાર્થીલક્ષી અને લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં બારોબાર સહાય ચુકવવાના ઘટકોના અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ

- આ કાર્યપધ્ધતિ હેઠળ આવરી લેવાયેલ ઘટકો પંપસેટ(ઓઇલ એન્જીન, ઇલેક્ટ્રીક મોટર, સબમર્શીબલ પંપસેટ સહીત), અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇન વિગેરે.

(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૧)

(ક) ikhedut પોર્ટલ ઉપર રજીસ્ટર્ડ થયેલા ખેડૂતો પોતાની બાયોમેટ્રીક ઓળખના આધારે કરેલ ઓનલાઇન અરજીની પ્રીન્ટઆઉટ મેળવી તેની ઉપર તેમની સહી/અંગુઠો કરી (અનુસુચિત જન જાતિના દાખલા સહ) સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે

(ખ) અન્યથા અરજદારે નિયત નમુનામાં સબંધિત કચેરી ખાતે અરજી (અનુસુચિત જન જાતિના દાખલા તથા અન્ય આધાર પુરાવા સહ) રજુ કરવાની થશે. કચેરીના અધિકૃત કર્મચારી/અધિકારીએ તા. ૨૦.૨.૨૦૧૪ ના જી.આર. ક્માંકઃપરચ-૧૦૨૦૧૪-૩૪-ક-૫ મુજબ ikhedut Portal માં પોતાના login account માંથી ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

(૨) અરજીઓની ચકાસણી અંગેની કાર્ય પધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૨)

સબંધિત કચેરીના જવાબદાર કર્મચારી/અધિકારીએ પ્રિન્ટ થયેલી ઓનલાઇન કે રૂબરૂમાં મળેલ અરજીઓની યોજનાની જોગવાઇઓ અનુસાર ચકાસણી કરી દરેક અરજીપત્રક ની પાત્રતા / બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદનુસાર ikhedut પોર્ટલમાં પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

(૩) અરજીઓની મંજુરીઅંગેની કાર્યપધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૩)

લક્ષ્યાંકની મર્યાદામાં કુલ પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી ઓનલાઇન થયાની તારીખ મુજબનો તાલુકાવાર અગ્રતાક્રમ ધરાવતી અરજીઓના લાભાર્થી સીલેક્ટ કરી કૃષિ અને સહકાર વિભાગના તા. ૧૮/૧૦/૨૦૧૧ના પરિપત્ર

ક્રમાંકઃકઅસ/૧૦૧૦/૧૮૮૭/ક.૫ માં સુચવેલ પધ્ધતિ અનુસાર/ ખેતી નિયામકશ્રીની સુચનાનુસાર સક્ષમ અધિકારીએ મંજુર કરવાની રહેશે અને ત્યારબાદ ikhedut પોર્ટલમાં મંજુર કરનાર અધિકારી/કર્મચારીના લોગઇન એકાઉન્ટમાં અરજી મંજુર કર્યાની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

(૪) મંજુર થયેલ કેસોની સબંધિત અરજદારોને જાણકારી આપવા અને ઇનપુટ સાધન સામગ્રીની ચકાસણી કરવા બાબત (અરજી પત્રકના ભાગ-૪)

યોજના હેઠળના ઘટક માટે મંજુર કરાયેલ અરજીઓની સબંધિત અરજદારોને તેઓના સરનામે લેખિત/ઉપરાંત જ્યાં શક્ય હોય ત્યાં એસએમએસ(SMS) થી પણ જાણ કરવાની રહેશે. જે ઘટકો માટે રાજય સરકારે ઉત્પાદકો/ વેન્ડરને એમ્પેનલ કરેલ છે તે કિસ્સામાં લાભાર્થીએ તેઓની પસંદગી અનુસાર ઘટકના મોડલની એમ્પેનલ મેન્યુફેક્ચરર / વેન્ડરના ઓથોરાઈઝડ ડીલર પાસેથી ખરીદી કરી તે અંગેના જરુરી આધાર પુરાવા મંજુરી મળ્યાના દિન-૩૦ માં સબંધિત કચેરીના અધિકૃત અધિકારી /કર્મચારી સમક્ષ ચકાસણી/ખાત્રી અર્થે નીયત સમયમર્યાદામાં રજુ કરવાના રહેશે. આ માટે કચેરીના જવાબદાર અધિકારી ગામડામાં કેમ્પ ગોઠવી ચકાસણી/ખાત્રીની કાર્યવાહી હાથ ધરશે.ત્યારબાદ જવાબદાર અધિકારીએ ikhedut પોર્ટલ ઉપર પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

(૫) ઘટક ખરીદી માટે સહાયની ચુકવણીની કાર્યપધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૫)

યોજના હેઠળના ઘટક દીઠ મંજુર થયેલા તેમજ નિયમોનુસાર ઘટકની ચીજ વસ્તુ ની ખરીદી બાદ સબંધીત અરજદારની અરજી પત્રકના ભાગ-૫ માં મંજુરી આપી સક્ષમ અધિકારી એ ikhedut પોર્ટલ ઉપર પોતાના login એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટસ અપડેટ ની એન્ટ્રી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદી ikhedut પોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સીકકા કરી જયાં લાગુ પડતા હોય ત્યાં જિલ્લા કક્ષાના અધિકારી મારફતે સબંધિત જિલ્લા/તાલુકા પંચાયત/ નોડલ એજન્સીને મોકલવાનો રહેશે કે જેથી અરજદારના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ECS (Electronic Clearance)/ RTGS (Real Time Gross Settlement) /એકાઉન્ટ પે ચેક થી લાભાર્થીના ખાતામાં ચુકવણી કરી શકે.

## પરિશિષ્ટ-૫

(બ) વ્યકિતગત લાભાર્થી લક્ષી- એટસોર્સ સહાય હેઠળના ઘટકો માટે

- આ કાર્યપધ્ધતિ હેઠળ આવરી લેવાયેલ ઘટકો દિવેલી ખોળ/લીંબોળી ખોળ/સેન્દ્રીય ખાતર તથા ગૌણ અને સુક્ષ્મ તત્વો વગેરે.

(૧) પૂર્વ મંજુરી મેળવી ઘટકના લાભ મેળવવાની કાર્યપધ્ધતિ

(ક) i khedut પોર્ટલ ઉપર રજીસ્ટર્ડ થયેલા ખેડૂતોએ પોતપોતાની બાયોમેટ્રીક ઓળખના આધારે ઓનલાઇન અરજી કરી પરિશિષ્ટ -૧ ની શરત નં-૫ માં દર્શાવેલ સંસ્થાના સંચાલીત ડેપો અથવા અધિકૃત વિક્રેતાના નામે ઓનલાઇન મંજુરીપત્ર પ્રિન્ટ કરાવવાનું રહેશે.

(ખ) અન્યથા અરજદારે નિયત નમુનામાં સબંધિત કચેરી ખાતે અરજી રજુ કરવાની રહેશે. કચેરીના અધિકૃત અધિકારી/કર્મચારીએ તા. ૨૦.૨.૨૦૧૪ના ઠરાવ કમાંકઃપરચ-૧૦૨૦૧૪-૩૪-ક-૫ મુજબ i khedut પોર્ટલ એકાઉન્ટમાં પોતાના લોગઇન એકાઉન્ટમાં અરજીની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે અને અરજદારની પસંદગીના પરિશિષ્ટ -૧ ની શરત નં-૫ માં દર્શાવેલ સંસ્થાના સંચાલીત ડેપો અથવા અધિકૃત વિક્રેતાના નામની મંજુરી પત્રની પ્રિન્ટ આઉટ કાઢી અરજદારને મોકલી આપવાની રહેશે.

(ગ) એટ સોર્સ સહાય હેઠળના ઘટકો ખરીદવાની પધ્ધતિ

અરજદારે નિયત સમયમર્યાદામાં ડીલરના નામે મંજુરી પત્ર કઢાવેલ છે તે મંજુરીપત્રની એક નકલ રજુ કરી સહાયદર મુજબ ઇનપુટ/સાધન સામગ્રી નિયત સમય મર્યાદામાં ખરીદી શકશે. પરિશિષ્ટ -૧ ની શરત નં-૫ માં દર્શાવેલ સંસ્થાના સંચાલીત ડેપો અથવા અધિકૃત વિક્રેતાએ i khedut પોર્ટલમાં તેઓના લોગઇન એકાઉન્ટમાં મંજુરીપત્ર નંબર, બીલ નંબર, તારીખ વિગેરેની દિવસ-૨ માં ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

(૨) પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય ઘટકના લાભ મેળવનાર લાભાર્થીઓ માટેની કાર્યપધ્ધતિ

જો કોઇ પાત્રતા ધરાવતા લાભાર્થીએ મંજુરીપત્ર વગર ઉપરોક્ત ઘટકો પ્રમાણેની ચીજ વસ્તુઓ મેળવવા . પરિશિષ્ટ -૧ ની શરત નં-૫માં દર્શાવેલ સંસ્થાના સંચાલીત ડેપો અથવા અધિકૃત વિક્રેતાનો સંપર્ક કર્યો ત્યારે તે ડીલર/વિક્રેતાએ જિલ્લા/તાલુકા કક્ષાના સક્ષમ અધિકારીએ સંબંધિત ઘટક માટે ફાળવેલ લક્ષ્યાંકની

મર્યાદામાંએટસોર્સ સહાય હેઠળના ઘટકોનું વેચાણકરી શકશે. ત્યારબાદ ડીલરે તરત i khedut પોર્ટલમાં પોતાના લોગઇન એકાઉન્ટ થકી લાભાર્થીની વિગતો , બીલ નંબર, તારીખ, વસ્તુ વિગેરે ની ઓન લાઇન એન્ટ્રી કરવાની રહેશે.લાભાર્થીએ પાત્રતા પુરવાર કરવા ૮-અ ના દાખલાની નકલ અધિકૃત ડીલરને રજુ કરવાની રહેશે અને લાભાર્થીએ ધારણ કરેલ જમીનની અથવા તો યોજનામાં નિયત કરેલ મર્યાદા પૈકી જે ઓછું હશે તે મર્યાદામાં સહાયની ચીજવસ્તું મેળવી શકશે.

(૩. પરિશિષ્ટ -૧ ની શરત નં-૫ માં દર્શાવેલ સંસ્થાના સંચાલીત ડેપો અથવા અધિકૃત વિક્રેતાએ i khedut પોર્ટલમાં પોતપોતાના લોગઇનએકાઉન્ટ થકી પ્રિન્ટ આઉટ કાઢી સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે. સક્ષમ અધિકારીએ લાભાર્થીઓના સહાયના કલેઈમ મળેલ છે તે અંગે યોગ્ય ચકાસણી કરી પ્રમાણપત્ર આપી સહી સિકકા સાથે ચુકવણા માટે સબંધિત નોડલ એજન્સીને મોકલવાના રહેશે.

કબુલાતનામું

અમો શ્રી ........................................................................................... ગામ ......................... તા.. ............................... જિ. ......................................... ના અનુસુચિત જન જાતિના સીમાન્ત /નાના/મોટા, સ્ત્રી/પરૂષ ખેડૂત છીએ અને ૮-અ પ્રમાણે ................... હેકટર જમીન ધરાવીએ છીએ. વર્ષ ૨૦૧૮-૧૯ માં એટસોર્સ સહાયના ઘટક ......................................... માં મેં અગાઉ અન્ય કોઇ ડીલર કે આપની પાસેથી સહાયિત દરે મેળવેલ નથી તેની કબુલાત આપું છું. જો અમારા દ્વારા નીતિ નિયમો કરતાં વધારે જથ્થો મેળવવામાં આવેલ હશે તો તેની થતી સહાયની રકમ ભરપાઇ કરવા અમે બંધાયેલ છીએ. હું ........................... બેન્કની ........................... બ્રાન્ચમાં.................................. ખાતા નંબર................................. ધરાવું છું જે મારા આધાર નંબર..................................... સાથે આધાર સીડેડ છે.

તાઃ ............................................... ખેડૂતની સહી

સ્થળઃ

સામેલઃ- (૧) ૮-અની નકલ
(૨) આધાર કાર્ડની નકલ
(૩) બેંક પાસબુકની નકલ અને રદ કરેલ ચેક

## પરિશિષ્ટ– ૫-અ

(અ) વ્યકિતગત લાભાર્થીલક્ષી- એટસોર્સ સહાય હેઠળના ઘટકોના અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ

- આ કાર્યપધ્ધતિ હેઠળ આવરી લેવાયેલ ઘટકો

  પાક સંરક્ષણના સાધનો, તાડપત્રી, ખુલ્લી પાઇપલાઇન

(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૧)

(ક) i-khedut પોર્ટલ ઉપર રજીસ્ટર્ડ થયેલા ખેડૂતો એ પોતાની બાયોમેટ્રીક ઓળખના આધારે કરેલ ઓનલાઇન અરજીની પ્રીન્ટઆઉટ મેળવી તેની ઉપર તેમની સહી/અંગુઠો કરી (અનુસુચિત જન જાતિના દાખલા તથા અન્ય આધાર પુરાવા સહ) સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે

(ખ) અન્યથા અરજદારે નિયત નમુનામાં સબંધિત કચેરી ખાતે અરજી (અનુસુચિત જન જાતિના દાખલા તથા અન્ય આધાર પુરાવા સહ) રજુ કરવાની થશે. કચેરીના અધિકૃત કર્મચારી/અધિકારીએ તા. ૨૦.૨.૨૦૧૪ ના જી.આર. ક્માંકઃપરચ-૧૦૨૦૧૪-૩૪-ક-૫ મુજબ i-khedut Portal માં પોતાના login account માંથી ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

(૨) અરજીઓની ચકાસણી અંગેની કાર્ય પધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૨)

સબંધિત કચેરીના જવાબદાર કર્મચારી/અધિકારીએ પ્રિન્ટ થયેલી ઓનલાઇન કે રૂબરૂમાં મળેલ અરજીઓની યોજનાની જોગવાઇઓ અનુસાર ચકાસણી કરી દરેક અરજીપત્રકની પાત્રતા / બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદનુસાર i-khedut પોર્ટલમાં પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

(૩) અરજીઓની મંજુરીઅંગેની કાર્યપધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૩)

લક્ષ્યાંકની મર્યાદામાં કુલ પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી ઓનલાઇન થયાની તારીખ મુજબનો અગ્રતાક્રમ ધરાવતી કૃષિ અને સહકાર વિભાગના તા. ૧૮/૧૦/૨૦૧૧ના પરિપત્ર ક્માંકઃકઅસ/૧૦૧૦/૧૮૮૭/ક.૫ માં સુચવેલ પધ્ધતિ અનુસાર/ ખેતી નિયામકશ્રીની સુચનાનુસાર સક્ષમ અધિકારીએ મંજુર કરવાની રહેશે અને ત્યારબાદ I-

Khedut પોર્ટલમાં મંજુર કરનાર અધિકારી/કર્મચારીના લોગઇન એકાઉન્ટમાં અરજી મંજુર કર્યાની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

(૪) મંજુર થયેલ કેસોની સબંધિત અરજદારોને જાણકારી આપવા અને ઇનપુટ સાધન સામગ્રીનીચકાસણી કરવા બાબત (અરજી પત્રકના ભાગ-૪)

યોજના હેઠળના ઘટક માટે મંજુર કરાયેલ અરજીઓની સબંધિત અરજદારોને તેઓના સરનામે લેખિત ઉપરાંત જ્યાં શક્ય હોય ત્યાં એસએમએસ(SMS) થી પણ જાણ કરવાની રહેશે. જે ઘટકો માટે રાજય સરકારે ઉત્પાદકો/ વેન્ડરને એમ્પેનલ કરેલ છે તે કિસ્સામાં લાભાર્થીએ તેઓની પસંદગી અનુસાર ઘટકના મોડલની એમ્પેનલ મેન્યુફેક્ચરર / વેન્ડરની ખરીદી નિયત થયેલ સંસ્થા પાસેથીએટસોર્સ સહાય કાપીનેલાભાર્થી ફાળો આપીને ખરીદી કરવાની રહેશે. અને તે અંગેના જરુરી આધાર પુરાવા સહીત દરખાસ્ત સબંધિત કચેરીના અધિકૃત અધિકારી /કર્મચારી સમક્ષ ચકાસણી/ખાત્રી અર્થે નીયત સમયમર્યાદામાં સબધિત વિતરક સંસ્થાઓએ રજુ કરવાના રહેશે. આ માટે કચેરીના જવાબદાર અધિકારી ગામડામાં કેમ્પ ગોઠવી ચકાસણી/ખાત્રીની કાર્યવાહી હાથ ધરશે.ત્યારબાદ દિવસ-૨ માં જવાબદાર અધિકારીએ i-khedut પોર્ટલ ઉપર પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

(૫) ઘટક ખરીદી માટે સહાયની ચુકવણીની કાર્યપધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૫-અ)

યોજના હેઠળના ઘટક દીઠ ઉપર મુજબની ખરીદી માટે મંજુરીપત્ર મળેલ હોય તેવા અરજદારો / લાભાર્થીઓ નિયમોનુસાર મંજૂર થયેલ ઘટકની ચીજ વસ્તુની ખરીદીના સમયે એટસોર્સ તરીકે તેની વેચાણ કિંમતમાંથી સહાયની રકમ બાદ કરી જે રકમ બચે તેટલી કિંમતમાં (લાભાર્થી ફાળો) ભરીને જે તે વિક્રેતા / ડીલર / સંસ્થા પાસેથી એસેટ મેળવવાની રહેશે. વિક્રેતા / ડીલર / સંસ્થાઓએ પણ વેચાણ કિંમતમાંથી સહાયની રકમ બાદ કરી મંજૂર થયેલ ઘટકની ચીજ વસ્તુ લાભાર્થીને વેચાણથી આપવાની રહેશે. સહાય અંગેની નોધ તેમજ લાભાર્થી ખેડૂત ની સહી / અંગૂઠાની નિશાની અસલ બીલ માં દર્શાવવા ની રહેશે . ત્યારબાદ વિક્રેતા / ડીલર / સંસ્થા ઉપરોક્ત તમામ અરજીઓ તેની સંબંધિત તાલુકા અમલીકરણ અધિકારી સમક્ષ ચૂકવાણા દરખાસ્ત રજૂ કરશે. તાલુકા અમલીકરણ અધિકારી દરખાસ્ત મળ્યેથી સદર લાભાર્થીઓમાંથી નિયમ મુજબ વેરીફીકેશના કરી / કરાવી સદર દરખાસ્તનું ચૂકવણું કરી શકશે. સક્ષમ અધિકારી એ i khedut પોર્ટલ ઉપર પોતાના login એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટસ અપડેટ ની એન્ટ્રી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદી i khedut પોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સીકકા કરી જયાં લાગુ પડતા હોય ત્યાં જિલ્લા

કક્ષાના અધિકારી મારફતે સબંધિત જિલ્લા/તાલુકા પંચાયત/ નોડલ એજન્સીને મોકલવાનો રહેશે કે જેથી વિક્રેતા / ડીલર / સંસ્થાના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ECS (Electronic Clearance)/ RTGS (Real Time Gross Settlement) /થી વિક્રેતા / ડીલર / સંસ્થાના ખાતામાં ચુકવણી કરી શકે.

| અ.ન | કાર્યપદ્ધતી | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | ભાગ-૧ (અરજીનો નમુનો), | પરિશિષ્ટ- ૩ અને ભાગ-૫-અ મુજબ |
| ૨ | ભાગ-૨ (ગ્રામસેવકનું પ્રમાણપત્ર) | |
| ૩ | ભાગ-૩ (મંજુરી નો હુકમ )(ઓફીસ કોપી) | |
| ૪ | ભાગ-૪ (મળેલ ઇનપુટ/સાધનની વિગત) | |

**ભાગ- ૫ - અ**

**(યોજના હેઠળની સહાયની રકમ ચુકવવા માટેનો આદેશ/હુંકમ)**

આથી આદેશ કરવામાં આવે છે કે શ્રી ____________________ગામઃ__________તાલુકો-__________ જિલ્લો-__________એજીઆર-૩ યોજનામાં ________ ઘટક સહાયથી ખરીદવાની માગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુસાર યોજનાકીય સહાય રૂ. __________ અંકે રૂપીયા __________________મંજુર કરવામાં આવે છે. આ રકમ બીલ ન.................... મુજબ **એટસોર્સ સહાય મુજબ** વિક્રેતા / ડીલર / સંસ્થા........................................................ ને ચૂકવવાની થાય છે.જે બેન્ક ........................................, બ્રાન્ચ .............................IFSCcode................................ એકાઉન્ટ નંબર......................................... ,માં જમા કરાવવાની રહેશે. અને તેની જાણ અત્રેની કચેરીને કરવા વિનંતી છે.

સ્થળઃ-

તાઃ / /

તાલુકા અમલીકરણ અધિકારી/જિ.ખે. અ

તાલુકો__________જિ. _______

## પરિશિષ્ટ-૬

(ક) વ્યકિતગત લાભાર્થી સિવાયના ઘટકો માટે (ક્ષેત્રીય નિદર્શન અને કૃષિ મેળા/પ્રદર્શન/ખેડૂત શિબિર ઘટક )

- ક્ષેત્રીય નિદર્શન ઘટકની શરતો અને બોલીઓ

આદિવાસી વિસ્તારના આદિવાસી ખેડુતો પાક ઉત્પાદન મેળવવા માટે વૈજ્ઞાનીક પધધતિથી ખેત સામગ્રીનો સંકલીત ઉપયોગ કરતા નથી. જેથી ખેતી પાકોનું ધાર્યુ ઉત્પાદન મળતુ નથી. આ પરિસ્થિતીમાં ઇચ્છીત પરીણામો મેળવવા માટે પાક નિદર્શન એ સરળ ઉપાય છે. જેમાં પાક ઉત્પાદન માટે તમામ વૈજ્ઞાનીક ભલામણો મુજબની ખેત સામગ્રીનો એક સાથે ઉપયોગ કરીને વધુ ખેત ઉત્પાદન મેળવવુ. ક્ષેત્રીય નિદર્શન ઘટકના અમલીકરણ માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧) આ ઘટક હેઠળ આદિજાતી વિસ્તારમાં રહેતા આદિજાતી ખેડુતોને જ પરિશિષ્ટ – ૧ મુજબ સામાન્ય શરતો અને બોલીઓને આધીન લાભ આપી શકાશે.

(૨) આદિજાતી ખેડુતો દ્વારા ઉગાડવામાં આવતા બાગાયતી સિવાયના ક્ષેત્રીય પાકોના નિદર્શન ગોઠવી શકાશે.

(૩) નિદર્શન માટે પસંદ કરેલ પાકના સુધારેલ / પ્રમાણીત બિયારણો, બીજ માવજત, સેન્દ્રીય ખાતર, જૈવીક ખાતર, ભારત સરકારશ્રી દ્વારા જે રાસાયણીક ખાતરો પર સબસીડી અપાય છે તે સિવાયનું રાસયણીક ખાતર, સુક્ષ્મતત્વો, નિંદામણ નાશક દવાઓ, જંતુનાશક દવાઓ, તથા આઇપીએમના ઘટકો પૈકી સ્થાનિક પરિસ્થિતિમાં જેતે પાક માટેની પરિશિષ્ટ – ૧ મુજબની કમીટી દ્વારા નક્કી થયેલ વૈજ્ઞાનીક ભલામણ મુજબ ખેતીની આધુનીક ટેકનોલોજી નું ખેડુતના ખેતર પર નિદર્શન કરવાનું રહેશે.

(૪) આ ઘટક હેઠળ ખેડુતને ૦.૪ હેકટર માટે થયેલ ખરેખર ખર્ચ અથવા રૂ. ૪૦૦૦/- ની મર્યાદમાં સહાય આપી શકાશે. જો નિદર્શન માટે સહાયથી આપવાની થતી ખેત સામગ્રીનો ખર્ચ રૂ. ૪૦૦૦/- થી વધુ થાય તો વધારાની રકમ ખેડુતે ભોગવવાની રહેશે.

(૫) આ ઘટક હેઠળ એક ખેડુતને વર્ષમાં એક વખત વધુમાં વધુ ૦.૪ હેકટર માટે લાભ કરવાનો રહેશે.

(૬) લાભાર્થી ખેડુતે નિદર્શન માટે મેળવેલ ખેત સામગ્રીનો ઉપયોગ તેની પોતાની જમીનમાં કરવાનો રહેશે.

(૭) આ ઘટક હેઠળ એક ખેડુતને વધુમાં વધુ ૦.૪ હેકટર માટે સહાય આપી શકાશે. પરંતુ જો ખેડુત ૦.૪ હેકટર કરતાં ઓછી જમીન ધારણ કરતો હોય ત્યાં ખેડુતે ધારણ કરેલ જમીનનાં પ્રમાણમાં સહાય આપી નિદર્શન ગોઠવવાનું રહેશે.

(૮) ગ્રામ સેવકે ગોઠવેલ નિદર્શનની સમયાંતરે મુલાકત લઇ ખેડુતને ઘટકોના વૈજ્ઞાનીક ઉપયોગની સમજ અને તાંત્રીક માર્ગદર્શન આપવાનું રહેશે.

- કૃષિ મેળા/પ્રદર્શન/ખેડૂત શિબિર ઘટકની શરતો અને બોલીઓ

આદિવાસી વિસ્તારના આદિવાસી ખેડુતોને કૃષિ વિષયક નવી બાબતોની જાણકારી મળે તથા તેના જ્ઞાન અને કુશળતામાં વધારો થાય તો તે જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ કરીને તેની ખેતીને આધુનીક બનાવી શકે અને વધુ ખેત ઉત્પાદન મેળવી શકે. રાજ્યમાં સમયાંતરે કૃષિ મેળા/પ્રદર્શન/ખેડૂત શિબિર યોજાતા હોય છે પણ દુરના સ્થળે આદિવાસી ખેડુતો જઇ શકતા નથી. જો આદિવાસી વિસ્તારમાં જ આવા કાર્યક્રમો યોજવામાં આવે તો

આદિવાસી ખેડુતો નવા પાકો આધુનિક બિયારણો, નવા યંત્રો, ઓજારો, દવાઓ અંગે જાણકારી મેળવી શકે. આ માટે નીચે મુજબની કાર્ય પધ્ધતિ અપનાવવાની રહેશે.

(૧) કૃષિ મેળા/પ્રદર્શનમાં ઓછામાં ઓછા ૫૦૦ ખેડુતો માટે વધુમાં વધુ રૂ.૧,૦૦,૦૦૦/- (એક લાખ)ની મર્યાદામાં ખર્ચ કરી શકાશે.

(૨) કૃષિ મેળા/પ્રદર્શન/ખેડૂત શિબિર આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળના વિસ્તારમાં યોજવાના રહેશે.

(૩) પ્રદર્શનમાં આધુનિક બિયારણો, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, પાક સંરક્ષણ સાધનો, ખેત ઓજારો, વિવિધ કૃષિલક્ષી ઇનપુટસ, સિંચાઇના સાધનો વિગેરે બાબતો આવરી લેતા સ્ટોલ દ્વારા આધુનિક ટેકનોલોજી પ્રદર્શીત કરવાની રહેશે.

(૪) આવા નવા સ્ટોલના સમિયાણા, મંડપ, બેનર, ફોટોગ્રાફ્સ, સાઉન્ડ સીસ્ટમ, વીજળી, ફર્નીચરના ભાડા વગેરે આનુષાંગીક બાબતો ઉપરોક્ત મર્યાદામાં ખર્ચ કરી શકાશે.

(૫) આ મેળા/પ્રદર્શનમાં ભાગ લેનાર ખેડુતોને સાહિત્ય, ચા, નાસ્તા, ભોજન અને મુસાફરી ખર્ચ વગેરે હેતુ માટે સ્થાનિક પરિસ્થિતી મુજબ ખર્ચ કરી શકાશે.

(૬) જે વિસ્તારમાં કૃષિ મેળા/ પ્રદર્શન યોજી શકાય તેમ જ હોય તો ત્યાં કૃષિ મેળા પ્રદર્શનના બદલે ખેડુત શિબીરનું આયોજન કરી ખેડુતોને આધુનિક જાણકારી આપવાની રહેશે.

(૭) જે વિસ્તારમાં કૃષિ મેળા / પ્રદર્શનના બદલે ખેડુત શિબીરની કામગીરી કરવામાં આવે ત્યાં એક દિવસની એક ખેડુત શિબીર માટે મંડપ/સમિયાણા. સાઉન્ડ સીસ્ટમ, ફોટોગ્રાફી, સ્વાગત, કૃષિ સાહિત્ય, ચા- નાસ્તો, ભોજન, ખેડુતને શિબીરમાં આવવાનો પ્રવાસ ખર્ચ વગેરે બાબતો માટે ઓછામાં ઓછા ૧૦૦ ખેડુતો માટે રૂ. ૧૫૦૦૦/- પ્રતિ શિબીરની મર્યાદામાં ખર્ચ કરી શકાશે.

(૮) જે તે જિલ્લાને ફાળવેલ કૃષિમેળાના નાણાકિય લક્ષાંકોની મર્યાદામાં રહીને કૃષિ મેળાને બદલે ૬ થી ૭ જેટલી કૃષિ શિબીરો નો ભૌતિક લક્ષ્યાંક મુજબ કામગીરી કરવાની રહેશે. આ માટે વિભાગના સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ની પુર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૯) આ ઘટકના અમલીકરણ ની કામગીરી સહકારી સંસ્થા/ ગુજરાત ખેત ઉધોગ નિગમ લી. ના સર્વીસ સેંટરો / આદિજાતી વિસ્તારમાં કાર્યરત સારી અગ્રગણીય સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપી શકાશે. / દ્વારા કરવાની રહેશે.

(૧૦) આ ઘટકનો મુખ્ય હેતુ કૃષિના આધુનિક જ્ઞાનને ખેડુતો સુધી પહોચાડવાનો હોઇ આ ઘટક હેઠળ આદિવાસી વિસ્તારમાં રહેતા આદિજાતી સીવાયના ખેડુતો પણ ભાગ લઇ શકશે.

ઉપરોકત ઘટકોની અમલવારી કર્યા બાદ સક્ષમ સત્તાધિકારીએ i khedut પોર્ટલમાં પોતાના લોગઇન એકાઉન્ટ થકી કરેલ કામગીરીની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે. ત્યારબાદ ઉપરોકત કામગીરીના ઓફીસ ઓર્ડર કરી પ્રિન્ટ આઉટ કાઢી પ્રમાણપત્ર સહ ચુકવણાં માટે સંબધિત જિલ્લા ખેતીવાડી અધિકારી મારફત સબંધિત નોડલ એજન્સીને મોકલવાનું રહેશે

---

---------------*----------------

# પ્રકરણ-3

# અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

| અ. નં. | અધિકારી/કર્મચારીનો હોદ્દો | નાણાંકીય સત્તા | વહીવટી સત્તા | અન્ય સત્તા | ફરજો |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) | | | | યોજના અમલીકરણ |
| ૨ | સંયુક્ત ખેતી નિયામક (એ.સે ) | | | | |
| ૩ | નાયબ ખેતી નિયામક (પા.સં.) | | | | |
| ૪ | મદદનીશ ખેતી નિયામક (પા.સં.) | | | | |
| ૫ | ખેતી અધિકારી (પા.સં.) | | | | |
| ૬ | કચેરી અધિક્ષક | | | | |
| ૭ | હેડ ક્લાર્ક | જગ્યા ખાલી છે. | | | |

# પ્રકરણ-૪

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

(૧) ગુજરાત સિવિલ સર્વીસ રૂલ્સ

(૨) સરકારશ્રીના ઠરાવ

(૩) એસ.ઓ.ફાઇલ

(૪) પરિપત્રો

## પ્રકરણ-૫

# નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત

-----------નથી----------

## પ્રકરણ-૬

# જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનુ પત્રક

--------નથી----------

## પ્રકરણ-૭

## તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક

માહિતી શૂન્ય છે.

# પ્રકરણ-૮

## જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને અન્ય વિગતો

- શ્રીકે.જે.દેસાઇ
  નાયબ ખેતી નિયામક (તાલીમ)
  રૂમ નં-.૩૨૪,તાલીમઅનેમુલાકાત શાખા,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૧૬૪

- શ્રી જે.પી.પટેલ
  મદદનીશ ખેતી નિયામક (પા.સં)
  રૂમ નં-.૩૨૬,તાલીમઅનેમુલાકાત શાખા,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૧૬૬

# પ્રકરણ-૯

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

૧. નોંધ

૨. મુસદ્દો મંજૂર કરાવવો

૩. અમલીકરણ

૪. નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી ખાતાના વડા છે.નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ છે.

ખેતી નિયામક

↑

અધિક ખેતી નિયામક (વિ.)

↑

સંયુક્ત ખેતી નિયામક (એ.સે.)

↑

નાયબ ખેતી નિયામક (પા.સં.)

↑

મદદનીશ ખેતી નિયામક (પા.સં.)

↑

ખેતી અધિકારી (પા.સં.)

↑

કચેરી અધિક્ષક

↑

હેડકલાર્ક

# પ્રકરણ-૧૦

# અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી ડી.વી.બારોટ | અધિક ખેતી નિયામક (વિસ્તરણ) |
| ૨ | શ્રી એમ.બી.પટેલ | સંયુક્ત ખેતી નિયામક (એ.સે) |
| ૩ | શ્રીડી.કે.શિનોરા | ના.ખે.નિ (પા.સં.) |
| ૪ | શ્રી જે.પી.પટેલ | મ.ખે.નિ(પા.સં.) |
| ૫ | શ્રી ડી.એમ.નીનામા | ખેતી અધિકારી (પા.સં.) |
| ૬ | શ્રી. રસીક  પટેલ | કચેરી અધિક્ષક |
| ૭ | જગ્યા ખાલી છે. | હેડકલાર્ક |

# પ્રકરણ-૧૧

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારીઓ અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણુ

| ક્રમ | અધિકારી અને કર્મચારીનો હોદો | પગાર |
|---|---|---|
| ૧ | અધિક ખેતી નિયામક (વિસ્તરણ) | ૩૭૪૦૦-૬૭૦૦૦ (૮૯૦૦ ગ્રેડ પે) |
| ૨. | સંયુક્ત ખેતી નિયામક (એ.સે.) | ૧૫૬૦૦-૩૯૧૦૦ (૭૬૦૦ ગ્રેડ પે) |
| ૩. | ના.ખે.નિ (પા.સં.) | ૧૫૬૦૦-૩૯૧૦૦ (૬૬૦૦ ગ્રેડ પે) |
| ૪. | મ.ખે.નિ(પા.સં.) | ૯૩૦૦-૩૪૮૦૦ (૫૪૦૦ ગ્રેડ પે) |
| ૫. | ખેતી અધિકારી (પા.સં.) | ૯૩૦૦-૩૪૮૦૦ (૪૪૦૦ ગ્રેડ પે) |
| ૬. | કચેરી અધિક્ષક | ૯૩૦૦-૩૪૮૦૦ (૪૪૦૦ ગ્રેડ પે) |
| ૭. | હેડકલાર્ક | ૯૩૦૦-૩૪૮૦૦ (૪૨૦૦ ગ્રેડ પે) |

પ્રકરણ-૧૨

## શાખાને ફાળવેલ અંદાજપત્ર

| યોજનાનું નામ | બજેટ જોગવાઇ (૨૦૧૯-૨૦) | મંજુર થયેલ પ્લાન |
|---|---|---|
| એજીઆર-૩, આદિજાતી વિસ્તાર પેટા યોજનાના ખેડુતોને સહાયિત દરે વધુઉત્પાદન આપતી હાઈબ્રીડ જાતોના પ્રમાણીત બિયારણો અને રાસાયણીક ખાતરો પુરા પાડવાની યોજના.(પ્લાન) | ૩૦૯૧.૦૦લાખ | ૩૦૯૧.૦૦ લાખ |